# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. વિરોધ પક્ષના હોબાળાના કારણે સંસદના બંન્ને ગૃહોની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત.
2. સરકાર સીએનજી અને પીએનજી સહિત તમામ પ્રકારના ઊર્જા પરિવર્તન માટે પ્રતિબદ્ધ.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લંડનમાં ઉષ્માભર્યા સ્વાગત બદલ ભારતીય સમુદાયનો આભાર માન્યો – આજે બ્રિટનના પ્રધાનમંત્રીને મળશે.
4. સર્વોચ્ચ અદાલતે 2006ના મુંબઈ ટ્રેન વિસ્ફોટ કેસમાં તમામ 12 આરોપીને નિર્દોષ છોડી મુકવાના બોમ્બે વડી અદાલતના આદેશ પર સ્ટે મૂક્યો.
5. 40થી વધુ લોકોને લઈ જતું રશિયન પેસેન્જર વિમાન આજે પૂર્વીય અમુર વિસ્તારમાં ટિન્ડા નજીક તૂટી પડ્યું.
6. બેડમિન્ટનની ચાઈના ઑપન 2025 સ્પર્ધાની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં ભારતીય ખેલાડી પી. વી. સિંધુ અને ઉન્નતિ હુડ્ડા વચ્ચે મુકાબલો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS ADJOURN

વિરોધ પક્ષોના હોબાળાના કારણે સંસદના બંને ગૃહની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. સવારે 11 વાગ્યે ગૃહની કાર્યવાહી શરૂ થતા અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કર્યો, પરંતુ વિરોધ પક્ષના દળના સભ્યો બિહારમાં મતદાર યાદીમાં વિશેષ સઘન પુનઃનિરીક્ષણ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માગ સાથે સૂત્રોચ્ચાર કરી ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા.

શ્રી બિરલાએ વિરોધ પક્ષોને પ્રશ્નકાળ શરૂ કરવાની અપીલ કરી. તેમણે ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડવા અને પ્લેકાર્ડ દેખાડવા પર ચિંતા વ્યક્ત કરી. તેમજ વિરોધ પક્ષના સભ્યોને તેમની બેઠક પર પરત જવા પણ આગ્રહ કર્યો. શ્રી બિરલાએ કહ્યું , વિરોધ પક્ષના સભ્યોને પ્રશ્નકાળ પૂર્ણ થયા બાદ નિયમો હેઠળ બોલવાની મંજૂરી અપાશે. તેમ છતાં વિરોધ પક્ષના દળોનો વિરોધ યથાવત્ રહ્યો.

**(BYTE: OM BIRLA, CHAIRMAN, LOKSABHA)**

રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશે આજે સવારે 11 વાગ્યે ગૃહની બેઠક મળી. આજે નવનિયુક્ત રાજ્યસભા સાંસદ ઉજ્જવલ નિકમે શપથ ગ્રહણ કર્યા. શ્રી હરિવંશે જણાવ્યું , તેમને બિહારમાં ખાસ સઘન સુધારા અને દેશભરમાં સાયબર છેતરપિંડી સહિત વિવિધ મુદ્દાઓને લગતા વિવિધ રાજકીય પક્ષ તરફથી 30 મુલતવી નોટિસ મળી છે , પરંતુ ઉપસભાપતિએ ચુકાદાને ટાંકીને તેમની નોટિસ ફગાવી દીધી. ગૃહે ચેન્નઈથી ચૂંટાયા પછી પોતાનો કાર્યકાળ પૂર્ણ કરનારા છ નિવૃત્ત સભ્યોને પણ વિદાય આપી.

. . . . . . . . . . . . . . . . . .

# LS - PURI CLEAN ENERGY

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદિપ સિં ઘ પુરીએ કહ્યું છે કે લગભગ સમગ્ર દેશને હવે સ્વચ્છ ઊર્જા દ્વારા આવરી લેવામાં આવી રહ્યો છે.

લોકસભામાં એક સવાલના જવાબમાં શ્રી પુરીએ જણાવ્યું હતું કે , સરકાર સીએનજી અને પીએનજી સહિત તમામ પ્રકારના ઊર્જા પરિવર્તન માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભાર આપ્યો હતો કે , પી.એન.જી. જોડાણનો વ્યાપ **2014**માં **25** લાખથી વધીને હવે દોઢ કરોડ થયો છે.

શ્રી પુરીએ જણાવ્યું હતું કે , એલપીજી સિલિન્ડરના જોડાણો પણ **2014**માં **14** કરોડથી વધારીને **33** કરોડ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે દેશે બાયોગેસના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM INDIAN DIASPORA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લંડનમાં ઉષ્માભર્યા સ્વાગત બદલ ભારતીય સમુદાયનો આભાર વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ લખ્યું , ભારતીય સમુદાયના અનુરાગ અને ભારતના વિકાસ માટે તેમનો ઉત્સાહ હૃદયસ્પર્શી છે.

શ્રી મોદીએ કહ્યું, તેમના પ્રવાસથી ભારત અને બ્રિટનના આર્થિક સંબંધ વધુ ગાઢ બનશે. તેમજ ભારતીય નાગરિકો માટે વિકાસ , સમૃદ્ધિ અને રોજગારની નવી તકનું સર્જન થશે. પ્રધાનમંત્રીએ વૈશ્વિક વિકાસ માટે બંને દેશ વચ્ચે મજબૂત સંબંધને આવશ્યક ગણાવ્યા. શ્રી મોદીના સ્વાગત માટે આવેલા ભારતીય સમુદાયના લોકોએ પોતાની પ્રતિક્રિયા આપી.

## (BYTE: PEOPLE BYTES LONDON)

બીજી તરફ, પ્રધાનમંત્રી મોદી આજે લંડનમાં બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મર સાથે વાતચીત કરશે. તેમની વાતચીત મુખ્ય રીતે બંને દેશના વ્યૂહાત્મક સંબંધને નવી ગતિ આપવા પર કેન્દ્રીત હશે. તેમના પ્રવાસનો ઉદ્દેશ સંરક્ષણ , વેપાર અને ટેક્નોલૉજી ક્ષેત્રમાં દ્વિપક્ષીય સંબંધ મજબૂત બનાવવાનો છે. દરમિયાન બંને દેશ વચ્ચે મુક્ત વેપાર સમજૂતી પર પણ હસ્તાક્ષર કરાશે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# SC STAYS BOMBAY HC ORDER

સર્વોચ્ચ અદાલતે **2006**ના મુંબઈ ટ્રેન વિસ્ફોટ કેસમાં તમામ **12** આરોપીઓને નિર્દોષ છોડી મુકવાના બોમ્બે વડી અદાલતના આદેશ પર સ્ટે મૂક્યો છે. સર્વોચ્ચ અદાલતે આજે મહારાષ્ટ્ર સરકાર દ્વારા દાખલ કરાયેલી ફોજદારી અપીલમાં નોટિસ આપી છે. જેમાં **2006** ના **7/11** મુંબઈ ટ્રેન વિસ્ફોટ કેસમાં તમામ **12** આરોપીઓને નિર્દોષ છોડી મુકવાના બોમ્બે વડી અદાલતના ચુકાદાને પડકારવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર રાજ્ય વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ન્યાયમૂર્તિ એમ.એમ. સુંદરેશ અને ન્યાયમૂર્તિ એન.કે. સિંહની ખંડપીઠને જણાવ્યું હતું કે તેઓ ચુકાદા પછી જેલમાંથી મુક્ત થયેલા આરોપીઓને આત્મસમર્પણ કરવાનો આદેશ આપવાની માગ કરી રહ્યા નથી.

જો કે, તેમણે ચુકાદા પર રોક લગાવવાની વિનંતી કરી હતી અને કહ્યું હતું કે ચુકાદામાં વડી અદાલતે કરેલા કેટલાક અવલોકનો મહારાષ્ટ્ર સંગઠિત અપરાધ નિયંત્રણ અધિનિયમ હેઠળ અન્ય કેસોને અસર કરી શકે છે.

. . . . . . . . . . . . . . . . . .

# RUSSIAN -PLANE CRASH

40થી વધુ લોકોને લઈ જતું રશિયન પેસેન્જર વિમાન આજે પૂર્વીય અમુર વિસ્તારમાં ટિન્ડા નજીક ક્રેશ થયું હતું. તાસ દ્વારા ટાંકવામાં આવેલા સૂત્રોના જણાવ્યા અનુસાર , નબળી દૃશ્યતામાં ઉતરાણ દરમિયાન ક્રૂની ભૂલને સંભવિત કારણ માનવામાં આવી રહ્યું છે. અંગારા એરલાઇન્સ દ્વારા સંચાલિત એન્ટોનોવ એન-24 વિમાન તેના ગંતવ્યથી માત્ર કિલોમીટર દૂર રડારમાંથી ગાયબ થઇ ગયું હતું. બચાવકર્તાઓને બાદમાં દૂરના જંગલમાં સળગતો કાટમાળ મળ્યો હતો. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે કોઈ બચી શક્યું નથી. હાલમાં સંપૂર્ણ તપાસ અને પુનઃપ્રાપ્તિ કામગીરી ચાલી રહી છે.

. . . . . . . . .

# IRAN--IAEA-VISIT

ઈરાન આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા સંસ્થાની ટેકનિકલ ટુકડીની મુલાકાત માટે સંમત થયું છે. આ ટુકડી બે-ત્રણ અઠવાડિયામાં ઈરાનની મુલાકાત લેશે.

ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝીમ ગરીબાબાદીએ કહ્યું કે, ઈરાનની આ સંસ્થા તેના પરમાણુ સ્થાપનોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યું છે.

તેમણે કહ્યું જો અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીતનો નવો તબક્કો થશે, તો તે પરોક્ષ રીતે થશે.તેમણે કહ્યું હતું કે ઈરાન યુરેનિયમ સંવર્ધન ચાલુ રાખશે.

. . . . . . . . . .

# IRAN WATER CRISES

ઈરાનમાં વિક્રમી ગરમીને કારણે પાણી અને વીજળીની અછતનો સામનો કરવા, તેહરાન સહિત 22 પ્રાંતોમાં સરકારી કચેરીઓ બંધ કરવામાં આવી છે. અન્ય ચાર પ્રાંતોમાં કામકાજના કલાકોમાં ઘટાડો કરાયો. કેટલાક વિસ્તારોમાં તાપમાન 50 ડિગ્રી સેલ્સિયસની નજીક પહોંચી ગયું હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈરાનમાં ગત વર્ષ કરતાં 40 ટકા ઓછો વરસાદ થયો છે.અહેવાલો મુજબ બંધમાં પાણીનો જથ્થો હવે માત્ર 44 ટકા જેટલો બચ્યો છે જ્યારે હોર્મોઝગન અને ફાર્સ જેવા દક્ષિણ પ્રાંતોમાં પાણી સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગયું છે.

. . . . . . . . . . . .

# BADMINTON CHINA OPEN

બેડમિન્ટનમાં ભારતનાં પી.વી. સિંધુ ચાઈના ઑપન 2025માં જાપાનનાં તોમોકા મિયાઝાકીને હરાવી મહિલા સિંગલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં છે. પી.વી. સિંધુએ ચાંગઝૌમાં ચાલી રહેલી સ્પર્ધામાં જાપનના ખેલાડીને 2 –1થી મ્હાત આપી. અન્ય એક મહિલા સિંગલ્સ મુકાબલામાં ભારતનાં ઉન્નતિ હુડ્ડાએ સ્કોટલેન્ડનાં ક્રિસ્ટી ગિલમોરને બે –શૂન્યથી હરાવ્યાં. આજે પી.વી. સિંધુ પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં ઉન્નતિ સામે રમશે.

પુરુષ ડબલ્સમાં સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ પણ પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. તેમણે જાપનનાં કેન્યા મિત્સુહાશી અને હિરોકી ઓકામુરાને બે –શૂન્યથી હરાવીને ભવ્ય જીત મેળવી. આજે આ જોડી ઇન્ડોનેશિયાના લિયો રોલી કાર્નાંડો અને બાગસ મૌલાનાની જોડી સામે રમશે.

. . . . . . . . . . . . . . . .